
# મુન્નાભાઈ MBBSનો હીરો કેમ ફાઈનલ નહોતો થતો?

**તમને જાણીને નવાઇ લાગશે કે ડાયરેક્ટરે સંજય દત્તને પહેલા કેન્સર પેશન્ટ 'ઝહીર'નો રોલ ઓફર કર્યો હતો, પરંતુ જ્યારે લીડ હીરો ન મળ્યો, સંજયને 'મુન્નાભાઇ' બનાવી દીધો!**



મૂવિયાના

**કે**ટલીક ફિલ્મો એવી હોય છે જે માત્ર બોક્સ ઓફિસ પર કમાણી જ નથી કરતી, પણ દાયકાઓ સુધી લોકોના દિલમાં રાજ કરે છે. ૨૦૦૩માં આવેલી 'મુન્ના ભાઈ MBBS' આવી જ એક ફિલ્મ છે. ફિલ્મના પ્રોડક્શન પાછળની સ્ટ્રગલ, કાસ્ટિંગના ડ્રામા અને ફિલ્મની સકસેસ વિશે જાણીએ.

વર્ષ ૨૦૦૨-૦૩ની આસપાસ સંજય દત્તની કરિયર ખૂબ ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યું હતું. ૧૯૯૩ના કેસના આરોપો, જેલવાસ અને ફિલ્મ 'વાસ્તવ' પછી ૧૪ ફિલ્મોમાંથી માત્ર ૧ હિટ ફિલ્મ - સંજય દત્તની 'બેડ બૉય' ઈમેજ તેને ઈન્ડસ્ટ્રીમાંથી બહાર ફેંકી રહી હતી. તે સમયે કોઈ મોટો ડાયરેક્ટર તેમને લીડ રોલમાં લેવા તૈયાર નહોતો.

મુન્ના ભાઈ MBBS ફિલ્મના કાસ્ટિંગ થઈ રહ્યું હતું તેમાં સંજય દત્ત ક્યારેય પહેલી પસંદ ન હતા.

આશ્ચર્યની વાત એ છે કે જે રોલે સંજય દત્તનું જીવન બદલી નાખ્યું, તે માટે તેઓ પાંચમી પસંદ હતા.

ડાયરેક્ટર રાજકુમાર હિરાણી શરૂઆતમાં અનિલ કપૂરને આ રોલ આપવા માંગતા હતા. પણ અનિલ કપૂરે ફિલ્મની ના કહી.

ત્યાર બાદ પ્રોડ્યુસર વિધુ વિનોદ ચોપરાએ શાહરૂખ ખાનને સ્ક્રિપ્ટ સંભળાવી અને તે તૈયાર પણ થઈ ગયા હતા. ફિલ્મની ક્રેડિટ્સમાં આજે પણ શાહરૂખનું નામ 'સ્પેશિયલ થેન્ક્સ' જોઈ શકાય છે કારણ કે, લાસ્ટ મોમેન્ટમાં ગરદનની ઈજાને કારણે શાહરૂખ ખાનને ફિલ્મ છોડવી પડી હતી.

શાહરૂખ પછી વિવેક ઓબેરોય સાથે પણ વાત થઈ હતી પણ મેળ પડ્યો નહીં.

એવું ન હતું કે સંજય દત્તને રોલ આપ્યો જ ન હતો. તમને જાણીને નવાઈ લાગશે કે ડાયરેક્ટરે સંજય દત્તને પહેલા કેન્સર પેશન્ટ 'ઝહીર'નો રોલ ઓફર કર્યો હતો, પરંતુ જ્યારે લીડ હીરો ન મળ્યો, ત્યારે સંજયને 'મુન્નાભાઈ' બનાવી દીધો!

માત્ર હીરો જ નહીં, અન્ય પાત્રોમાં પણ ઘણા બદલાવ આવ્યા હતા જેમ કે, સર્કિટના આઈકોનિક રોલ માટે મકરંદ દેશપાંડે પહેલી પસંદ હતા. પરંતુ અંતે અરશદ વારસીને લેવામાં આવ્યા. અરશદે આ પાત્રને હીરોનો માત્ર 'ચમચો' રહેવાને બદલે એક વફાદાર મિત્ર તરીકે રજૂ કર્યો.

પરેશ રાવલ ડૉ. અસ્થાનાનો રોલ કરવાના હતા, પરંતુ ફી અને અન્ય બાબતોને કારણે પરેશે ના પાડી. છેવટે બોમન ઈરાનીની એન્ટ્રી થઈ, જેમના માટે આ ફિલ્મ ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ.

આ ફિલ્મની સૌથી મોટી તાકાત સંજય દત્ત અને સુનીલ દત્તની જોડી હતી. સુનીલ દત્તે ૧૬ વર્ષથી ફિલ્મો છોડી દીધી હતી. સંજય દત્ત પોતાના પિતા સામે એક્ટિંગ કરતા ખૂબ ડરતા હતા.

ફિલ્મના અંતમાં જ્યારે પિતા મુન્નાને સ્વીકારે છે અને ગળે લગાવે છે (જાદુ કી ઝપ્પી), ત્યારે તે માત્ર એક્ટિંગ નહોતી. રિયલ લાઈફમાં પણ સુનીલ દત્ત પોતાના દીકરાના વિવાદોથી દુઃખી હતા અને તે સીન દરમિયાન પિતા-પુત્ર બંને કેમેરા બંધ થયા પછી પણ લાંબા સમય સુધી રડતા રહ્યા હતા.

રાજકુમાર હિરાણી પાસે આ ફિલ્મ બનાવવા માટે માત્ર ૫ કરોડ રૂપિયાનું નાનું બજેટ હતું. બજેટ બચાવવા માટે ફિલ્મના અંતમાં મુન્ના અને સર્કિટના લગ્નના સિનને શૂટ કરવા માટે કોઈ સેટ નહોતો બનાવ્યો.

ફિલ્મના ડાયરેક્ટરે આખી કાસ્ટને અસલી લગ્નમાં લઈ ગયા અને જ્યારે વર-કન્યા સ્ટેજ પરથી નીચે ઉતર્યા, ત્યારે સંજય દત્ત અને અન્ય એક્ટરોએ ફટાફટ ત્યાં ફોટા પડાવી લીધા હતા.




'મુન્ના ભાઈ MBBS' એ કોઈ સામાન્ય ગેંગસ્ટર ફિલ્મ નહોતી. તે એક એવા ગુંડાની સ્ટોરી હતી જે હિંસાને બદલે 'પ્રેમ' અને 'સહાનુભૂતિ'થી લોકોના દિલ જીતે છે. તેથી જ આજે પણ લોકો વચ્ચે 'જાદુ કી ઝપ્પી' ફેમસ છે.

આનંદ ભાઈનું કેરેક્ટર જે ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે તે ૧૨ વર્ષથી કોમામાં રહેલા દર્દીને માનવીય ગરિમા આપવી. લોકોને એક મેસેજ મળ્યો કે જે કામ સાઈન્સ ન કરી શકે તે પ્રેમ અને સહાનુભૂતિ કરી શકે!

ફિલ્મનો એક સિન તમને યાદ જ હશે મકસૂદ ભાઈનો! જે હોસ્પિટલના સફાઈ કામદારને ગળે લગાવીને આભાર માનવો.

આમ આ ફિલ્મમાં નાના પણ ગહન સંદેશાઓએ પ્રેક્ષકોને હચમચાવી દીધા.

'મુન્ના ભાઈ MBBS' એ સાબિત કર્યું કે જો વાર્તામાં દમ હોય અને ઈમોશન્સ સાચા હોય, તો ઓછું બજેટ કે બદલાતી કાસ્ટ ક્યારેય અવરોધ બનતી નથી. આ ફિલ્મે માત્ર રાજકુમાર હિરાણીને જ નહીં, પણ સંજય દત્તને પણ નવું જીવન આપ્યું.

રાજકુમાર હિરાણીની ફિલ્મ 'મુન્ના ભાઈ MBBS' એક માઈલસ્ટોન ફિલ્મ છે. ફિલ્મની સફળતાનું સૌથી મોટું કારણ તેની 'ઈલૉજિકલ' હોવા છતાં 'ઈમોશનલ' હોવું હતું.

મુન્ના ભાઈ MBBS એ સાબિત કર્યું કે બોલિવૂડમાં માત્ર એક્શન કે રોમાન્સ જ નહીં, પરંતુ સાચી માનવતા અને સંબંધોની સ્ટોરી પણ બ્લોકબસ્ટર બની શકે છે. આ ફિલ્મે સંજય દત્તની છબી એક 'બેડ બોય'માંથી બદલીને એક પ્યારા 'મુન્ના ભાઈ' તરીકે ઓળખીએ છીએ.

# હિન્દી સિનેમાના સૌથી યાદગાર રમૂજી ગીત!



**બો**લિવૂડમાં જ્યારે મસ્તી અને મજાકની વાત આવે, ત્યારે ૧૯૬૪ની ફિલ્મ 'એપ્રિલ ફૂલ'નું ટાઈટલ સોન્ગ યાદ ન આવે એવું તો બને જ નહીં. શું તમે જાણો છો? કે આ ગીત અને તેની પાછળની વાતો પણ ફિલ્મ જેવી જ મજેદાર છે!


'એપ્રિલ ફૂલ બનાયા, ઉનકો ગુસ્સા આયા' આજે પણ જ્યારે ૧લી એપ્રિલ આવે ત્યારે દરેકના હોઠ પર હોય છે. મોહમ્મદ રફીના અવાજમાં ગવાયેલું આ ગીત જેટલું મજેદાર છે, તેની પાછળના કિસ્સાઓ પણ એટલા જ મજેદાર છે.

આ ફિલ્મનું સંગીત પ્રખ્યાત જોડી શંકર-જયકિશનનું હતું અને ગીત હસરત જયપુરીએ લખ્યું હતું. કહેવાય છે કે આ ગીત પાછળનો હેતુ માત્ર રમૂજ જ નહીં, પણ એક એવી ધૂન તૈયાર કરવાનો હતો જે સાંભળતા જ લોકોના પગ થરકવા લાગે. હસરત જયપુરીએ જ્યારે આ પંક્તિઓ લખી, ત્યારે તેમને અંદાજ નહોતો કે આ શબ્દો દાયકાઓ સુધી 'એપ્રિલ ફૂલ'નો પર્યાય બની જશે.

ફિલ્મના મેઈન એક્ટર બિશ્વજીત અને એક્ટ્રેસ સાયરા બાનુ હતી. ગીતના શૂટિંગ દરમિયાન સેટ પર ખરેખર મજાક-મસ્તીનું વાતાવરણ રહેતું. બિશ્વજીતે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, ગીતના શબ્દો મુજબ તેમણે સાયરા બાનુને ચીડવવાની હતી. સાયરાજી તે સમયે ખૂબ જ ગંભીરતાથી કામ કરતા હતા, એટલે શૂટિંગમાં પણ જ્યારે બિશ્વજીત તેમને 'એપ્રિલ ફૂલ' કહેતા, ત્યારે તેમના ચહેરા પર જે ગુસ્સાના ભાવો આવતા તે એકદમ નેચરલ લાગતા હતા.

આ ગીતને જીવંત બનાવવામાં મોહમ્મદ રફીનો ફાળો અનેરો છે. ગીતમાં જે રીતે રફી સાહેબ 'બનાયા...' શબ્દ લંબાવે છે અને વચ્ચે હસે છે, તે કોઈ સ્ક્રિપ્ટમાં નહોતું! તે રેકોર્ડિંગ સમયે સુધારો કરવામાં આવ્યો હતો. સંગીતકાર જોડી શંકર-જયકિશન આ ગીતને માત્ર એક ગીત નહીં, પણ એક 'તોફાન' બનાવવા માંગતા હતા. જ્યારે મોહમ્મદ રફી રેકોર્ડિંગ સ્ટુડિયોમાં આવ્યા, ત્યારે શંકરજીએ તેમને કહ્યું, 'રફી સાહેબ, આ ગીતમાં એવી મસ્તી જોઈએ કે સાંભળનારને લાગે કે ખરેખર કોઈ તેની મજાક ઉડાવી રહ્યું છે! ગીતમાં એક પ્રકારની 'શરારત' સંભળાવી જોઈએ. રફી સાહેબે આ ગીત ગાતી વખતે જે એનર્જી બતાવી હતી, તેણે આખા બોલિવૂડમાં ધૂમ મચાવી દીધી હતી અને ગીતને અમર બનાવી દીધું.

**તે સમયે ફિલ્મનું નામ 'એપ્રિલ ફૂલ' રાખવા સામે ઘણાને વાંધો હતો, કારણ કે લોકોને લાગતું હતું કે આ પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ છે. પરંતુ ગીત એટલું લોકપ્રિય થયું કે લોકોએ ફિલ્મના નામનો વિરોધ કરવાનું છોડી દીધું. ગીતે સાબિત કર્યું કે મજાક-મસ્તીમાં કોઈ સરહદો હોતી નથી.**




તે સમયે ફિલ્મનું નામ 'એપ્રિલ ફૂલ' રાખવા સામે ઘણાને વાંધો હતો, કારણ કે લોકોને લાગતું હતું કે આ પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ છે. પરંતુ ગીત એટલું લોકપ્રિય થયું કે લોકોએ ફિલ્મના નામનો વિરોધ કરવાનું છોડી દીધું. ગીતે સાબિત કર્યું કે મજાક-મસ્તીમાં કોઈ સરહદો હોતી નથી.

મ્યૂઝિક મોમેન્ટ

આ ગીત માત્ર એક ગીત નથી, પણ એક સાંસ્કૃતિક ઘટના બની ગયું છે. આજે આટલા વર્ષ પછી પણ, આ ગીત વગર ૧લી એપ્રિલ અધૂરી લાગે છે. તે સમયે આ ગીતે બિશ્વજીતને રાતોરાત સ્ટાર બનાવી દીધા હતા.

આ ગીત જે રીતે ફિલ્માવવામાં આવ્યું હતું, તેમાં વપરાયેલી ગાડીઓ અને વિદેશી લોકેશન્સ (તે સમયના હિસાબે) એ લોકોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.

ફિલ્મમાં હીરો બિશ્વજીત હીરોઈન સાયરા બાનુને ચીડવે છે. કહેવાય છે કે શૂટિંગ દરમિયાન સાયરાજી ખૂબ જ શિસ્તબદ્ધ હતા, જ્યારે બિશ્વજીત સેટ પર ભારે મસ્તીખોર હતા. ગીતના શૂટિંગ વખતે બિશ્વજીતે એટલી હદે સાયરાજીને 'પ્રૅન્ક' કર્યા અને ચીડવ્યા કે કેમેરા સામે જે સાયરાજીનો ગુસ્સો દેખાય છે, તે અડધોઅડધ સાચો હતો! એટલે જ ગીતની પંક્તિ 'ઉનકો ગુસ્સા આયા' એકદમ સચોટ લાગે છે.

ગીતકાર હસરત જયપુરીએ આ ગીત લખતી વખતે વિચાર્યું પણ નહીં હોય કે તેઓ ભારતને ૧લી એપ્રિલ માટે એક કાયમી 'એન્થમ' આપી રહ્યા છે. આ ગીત પછી જ ભારતમાં 'એપ્રિલ ફૂલ' બનાવવાનો અને પછી આ ગીત ગાવાનો ટ્રેન્ડ જોરશોરથી શરૂ થયો હતો ●

# ચશ્માએ બચાવ્યા ડાયરેક્ટરના લાખો રૂપિયા!



**ભા**ઈજાન એટલે કે સલમાન ખાનનો સેટ પર પોતાનો જ એક વટ હોય છે. ૨૦૧૧માં આવેલી ફિલ્મ 'રેડી'ના શૂટિંગ દરમિયાન એક એવી ઘટના બની હતી, જેણે સાબિત કરી દીધું કે સલમાન ખાન માત્ર એક્શન સ્ટાર નથી, પણ મુશ્કેલ સમયમાં 'જુગાડ' કરવામાં પણ માહિર છે!

ફિલ્મ 'રેડી'ના શૂટિંગ દરમિયાન એક દિવસ એક મોટી મુશ્કેલી આવી પડી હતી. સામાન્ય રીતે ફિલ્મોના શૂટિંગમાં 'કન્ટીન્યુટી' જાળવવી ખૂબ જ જરૂરી હોય છે. જો કોઈ સીન અડધો શૂટ થયો હોય અને બાકીનો ભાગ બીજા દિવસે શૂટ કરવાનો હોય, તો કલાકારના કપડાં, વાળ અને દેખાવ બિલકુલ પહેલા જેવા જ હોવા જોઈએ.

તે દિવસે સલમાન ખાનના એક મહત્વના સીનનું શૂટિંગ ચાલી રહ્યું હતું. પરંતુ સલમાનની આંખોમાં કોઈ કારણસર સોજો આવી ગયો હતો અને તે લાલ થઈ ગઈ હતી. શૂટિંગ અટકાવવા સિવાય બીજો કોઈ રસ્તો દેખાતો નહોતો.

ફિલ્મ 'રેડી'નું શૂટિંગ બેંકોકના આલિશાન લોકેશન પર ચાલી રહ્યું હતું. આખું યુનિટ તૈયાર હતું, લાઈટ્સ ગોઠવાઈ ગઈ હતી અને કેમેરા રોલ થવાની તૈયારીમાં હતા. પણ અચાનક ખબર પડી કે સલમાન ખાનની આંખોમાં ઈન્ફેક્શન થઈ ગયું છે! તેમની આંખો લાલચોળ થઈ ગઈ હતી અને સોજો પણ આવી ગયો હતો.

ફિલ્મ ફેક્ટ

ડાયરેક્ટર અનીસ બઝ્મી ચિંતામાં ડૂબી ગયા. જો શૂટિંગ રોકવામાં આવે તો, લોકેશનનું લાખોનું ભાડું પાણીમાં જાય. ફોરેન ક્રૂ અને ટેકનિશિયનોનો ખર્ચ માથે પડે. સલમાનની લાલ આંખો સાથે ક્લોઝ-અપ શોટ લેવા અશક્ય હતા.

જ્યારે અનીસ બઝ્મી શૂટિંગ પેક-અપ કરવાનું વિચારી રહ્યા હતા, ત્યારે સલમાન ખાન પોતાની અદામાં બહાર આવ્યા. તેમણે જોયું કે ડાયરેક્ટર ટેન્શનમાં છે. સલમાને ધીમેથી કહ્યું, 'અનીસ ભાઈ, ચિંતા શું કામ કરો છો? આપણે લાલ આંખો દેખાડવી જ નથી, આપણે તેને 'સ્ટાઈલ' બનાવી દઈએ!'

તેમણે પોતાના ખિસ્સામાંથી કાળા ચશ્મા કાઢ્યા અને પહેરી લીધા. સલમાને આઈડિયા આપ્યો કે આ આખા સીનમાં હું ચશ્મા પહેરીને જ એક્ટિંગ કરીશ. અને જેટલા પણ એક્ટરો છે તે બધા પણ ચશ્મા પહેરીને આ સિન કરશે!

લોકોને લાગશે કે આ 'પ્રેમ કપૂર' (પાત્રનું નામ)ની એક નવી સ્ટાઈલ છે!

અનીસ બઝ્મીએ જોખમ લીધું અને શૂટિંગ ચાલુ

**અનીસ બઝ્મીએ જોખમ લીધું અને શૂટિંગ ચાલુ રાખ્યું. નવાઈની વાત એ છે કે, જે સીન મજબૂરીમાં ચશ્મા પહેરીને શૂટ થયો હતો, તે ફિલ્મનો સૌથી સ્ટાઈલિશ સીન બની ગયો!**

રાખ્યું. નવાઈની વાત એ છે કે, જે સીન મજબૂરીમાં ચશ્મા પહેરીને શૂટ થયો હતો, તે ફિલ્મનો સૌથી સ્ટાઈલિશ સીન બની ગયો! ફિલ્મ રિલીઝ થયા પછી સલમાનના એ કાળા ચશ્મા માર્કેટમાં 'ટ્રેન્ડિંગ' થઈ ગયા. યુવાનોએ 'રેડી સ્ટાઈલ'ના ચશ્મા પહેરવાનું શરૂ કરી દીધું. આ કિસ્સો દર્શાવે છે કે સલમાન ખાન સેટ પર કેટલી હળવાશથી અને સ્માર્ટલી કામ કરે છે. તેમણે સાબિત કરી દીધું કે જો તમારી પાસે આત્મવિશ્વાસ અને થોડો 'સ્વેગ' હોય, તો લાલ આંખોને પણ તમે સુપરહિટ લુકમાં ફેરવી શકો છો. એટલે જ તો કહેવાય છે - સ્વેગ સે કરેંગે સબકા સ્વાગત! ●